# રહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સે કોરોના કવચ પોલિસી રજૂ કરી

પ્રતિનિધિ દ્વારા

ઓગસ્ટ, ૨૦૨૦- રાહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સ (આરક્યુબીઈ) દ્વારા હાલમાં કોરોના કવચ પોલિસી રજૂ કરવામાં આવી છે. આ નવી ઈન્ડેમ્નિટી હેલ્થ પોલિસી કોવિડ-૧૯ માટે ઉપચાર ચાહતા નાગરિકોને હોસ્પિટલાઈઝેશનને લીધે ઉદભવતા તબીબી ખર્ચ સામે રક્ષણ આપે છે. તે પોતાને માટે, જીવનસાથી, માતાપિતા સાસુ- સસરા અને નિર્ભર સંતાન માટે લઈ શકાય છે. રહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ શ્રી પંકજ અરોરાએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ સર્વ સ્તરના લોકો માટે પડકાર છે. કોવિડ-૧૯ મહામારી સાથે હાલમાં ચાલતો વૈશ્વિક જંગે અનિશ્ચિતતા ઊભી કરી છે અને આવા કસોટીના સમયમાં તમારા આરોગ્યને સંરક્ષિત રાખવું અને યોગ્ય સાવચેતીઓ લેવાનું અગાઉ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની ગયું છે. રાહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સમાં અમને કોરોના કવચ પોલિસી રજૂ કરીને નાગરિકોના જીવનને સહાય કરવાની તક ધરાવવાની ખુશી છે. અમે મહામારી સામે આ જંગ પ્રત્યે કટિબદ્ધ છીએ અને આ ગ્રાહક અનુકૂળ પોલિસી આવા અભૂતપૂર્વ સમયમાં પોલિસીધારકોને ગુણવત્તાયુક્ત અને પરવડે તેવી સારવાર ઉપલબ્ધ કરાવીશુ. કોરોના કવચ પોલિસી કોવિડ સંબંધી હોસ્પિટલાઈઝેશન, પૂર્વ અને પશ્ચાત હોસ્પિટલ રક્ષણ, હોમ- કેર ટ્રીટમેન્ટ, રોડ એમ્બ્યુલન્સ અને આયુષ ઉપચાર માટે રક્ષણ આપે છે.